### વાપી બને વૃંદાવનનાં થીમ સાથે વૃક્ષારોપણ તથા હરિયાળી વિકસાવવાનો કાર્યક્રમ

# વાપી પંથકમાં પર્યાવરણ સુધારણા કાર્યક્રમનો આજથી થશે આરંભ

વાપી. તા. ૪

વિશ્વ પર્યાવરણ દિનને અનુલક્ષીને વાપી ખાતે લગભગ એક મહિના પર્યંત વાપી ઔદ્યોગિક વસાહતમાં સઘન સફાઇ ઝુંબેશ હાથ ધરાશે. તેમજ વાપી બને વૃંદાવનનાં થીમ સાથે ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ એન્વાયરમેન્ટ ઇમ્પ્રુવમેન્ટ ડ્રાઇવનાં ભાગરૂપે મોટાપાયે વૃક્ષારોપણ તથા હરિયાળી વિકસાવવાનો કાર્યક્રમ હાથ ધરાશે.

વાપી ઇન્ડસ્ટ્રીઝ એસોસિયેશન, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ વાપી વેસ્ટ એન્ડ એફલ્યુઅન્ટ મેનેજમેન્ટ કંપની લિ. ગુજરાત ક્લીનર પ્રોડક્શન સેન્ટર, જીઆઇડીસી, નોટીફાઇડ એરિયા ઓથોરિટી તથા જર્મન ઇન્ટરનેશનલ કોર્પોરેશનની સંયુક્ત હિસ્સેદારી સાથે વાપીનાં પર્યાવરણની સુધારણા માટેના આ કાર્યક્રમનો પ્રારંભ ગુરૂવારે સવારે ૯:૩૦ કલાકે થશે.

## ચણોદ કોલોનીમાં ગાર્ડનનાં નિર્માણનો પ્રારંભ કરાશે

વાપી ઉદ્યોગનગરનાં ચણોદ કોલોની વિસ્તારમાં લગભગ ૫૦૦૦ ચો.મી.નાં ગ્રીનબેલ્ટનાં પ્લોટમાં આરતી ઇન્ડસ્ટ્રીઝનાં સૌજન્યથી લીલીછમ હરિયાળી યુક્ત પબ્લિક ગાર્ડનનાં નિર્માણનો પ્રારંભ કરાશે. જેમાં જોગીંગ ટ્રેક પણ બનાવાશે. વિશ્વ પર્યાવરણ દિને વાપી બને વૃંદાવનનાં કાર્યક્રમનાં પ્રારંભે વલસાડનાં કલેક્ટર ડો. વિક્રાંત પાંડે, જીલ્લા વિકાસ અધિકારી ઉદિત અગ્રવાલ, જીલ્લા પોલીસવડા નિપૂર્ણા તોરવણે, કેમિકલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સીલનાં ચેરમેન સતિષ વાઘ તથા પારડીનાં ધારાસભ્ય એવમ્ નોટીફાઇડ ચેરમેન કનુભાઇ દેસાઇ વિ. ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં વાપીની બહુધા કંપનીઓ પોતાનાં પરિસર તથા આસપાસનાં વિસ્તારની સફાઇ માટ કટિબધ્ધ બની છે. અને એસ્ટેટને ચોખ્ખુ ચણાક કરવા માટે જહેમત ઉઠાવી રહ્યાનું જણાઇ રહ્યુ છે. વીઆઇએ પ્રમુખ શરદભાઇ ઠાકરે સૌના યથાયોગ્ય સહકાર માટે અપીલ કરી છે.

http://epaper.sandesh.com/283669/valsad-navsari/5-06-2014#page/2/2